[illegible]

[illegible]

[illegible]

(૧)

ઝોબીદિની વાર્તા

મારા બાપના મોત પછી સઘળી માલમતા, અમારી પાંચ બેહેન વચ્ચે, અમે વેહેંચી લીધી. મારી બે સાવકી બેહેનો પોતાનો ભાગ લઈ પોતાની મા જોડે રેહેવાને ગઈ. હું અને મારી બે બેહેનો, મારી મા જે હજુ જીવતી હતી તેની સાથે રેહેવા લાગ્યા, અને જ્યારે તે મરી ગઈ ત્યારે અમારા દરેકને ભાગે એક હજાર સેકિન આવ્યા. જ્યારે અમને અમારો ભાગ મળ્યો ત્યારે મારી બે મોટી બહેનો પરણી. તેઓ પોતાના પતિને ઘેર રેહેવાને ગઈ, અને પછી હું એકલી રહેવા લાગી. મારી સૌથી મોટી બેહેનના લગન પછી, થોડા વખતમાં તેણીના ધણીએ પોતાની સઘળી સ્થાવર તેમજ જંગમ મિલકત વેચી નાખી, અને આ રકમ [illegible] પૈસા, અને તેની પાસેનો રોકડ તેમજ મારી બહેનના પૈસા સહિત તેઓ આફ્રિકા તરફ જવા ઉપડ્યા. તેણીના ધણીએ મોજશોખમાં [illegible] રેહેવામાં, અને [illegible] પોતાનો તેમજ મારી બેહેનનો સઘળો પૈસો ઉડાવી નાખ્યો [illegible] ગરીબ સ્થિતિમાં આવી જવાથી તેણે મારી બેહેનને છુટાછેડા કરી તેનું કાઢી બાહાર [illegible] કહાડી મૂકી.

આટલી [illegible] લગભગ ન મનાય એવાં દુઃખ ખમ્યા પછી તે મારી મોટી બેહેન બગદાદ પાછી આવી અને દયા ઉપજાવે એવી સ્થિતિમાં તે મારે ઘેર આશ્રય લેવાને આવી. તેની સ્થિતિ એટલી તો ખરાબ હતી કે તેણીને જોનારને, કહવું જ શું, તેના દુશમનને પણ દયા આવ્યા વગર રહે નહિ. મેં તેને વ્હાલના દરેક ચિન્હ બતાવી તેનો આદર સત્કાર કર્યો. તે આવી કંગાળ સ્થિતિમાં શી રીતે આવી ગઈ

હતી તેનુ કારણ મે તેને પુછયું આખમા ભરપુર આસુ સહિત તેણીએ પોતાના વાણીની ખરાબ ચાલચલગત અને તેની, પોતાની તરફ બતાવેલી ગેર વર્તણુકથી મને, વાકેફ કરી પછી મે તેને નાહવા મોકલી, અને તેણીને મારો પોતિકો પોસાક પેહેરવાને આપ્યો. આ કરી રહયા પછી હુ તેણીને આ પ્રમાણે બોલી, " તમે મારી સૌથી મોહોટી બેહેન છો અને તેથી હુ તમને આ તરીકે ગણુ છુ તમારી ગેરહાજરીમા ઘર ચલાવી મારા થોડા પૈસાની અંદર વધારો થયો છે મારો ધંધો ગરીબના છોકરા- ને પોષણ કરવાનો, ને તેઓને ઉછેરવાનો છે જે કાઇ મિલકત મારી પાસે છે તેના પર તમારો હક મારા જેટલોજ છે, એનો તમે પકો ભરુસો રાખજો, અને તમને પણ મારી પેઠે તે પૈસો ખરચવાની પરવાનગી છે. "

ત્યાર પછી અમે એકજ ઘરની અંદર કેટલાક મહિના સુધી ઘણા સલાહ સંપમા રહયા અમે અમારી બાજી બેહેન સબંધી વારવાર વિચાર કરતા હતા, ને તેણીની સબંધી કાંઇ પણ ખબર ન મલવાથી અમે ઘણો અફસોસ પામતા આખરે તે એકાએક અમારી કને આવી, અને તેની સ્થિતિ મારી બી- જી બેહેનના જેવીજ હતી, અને મે તેણાના પર દયા આણી તેણીને મારા ઘરની અંદર દાખલ કરી

કેટલોક વખત વીત્યા પછી " અમે તને ભારે બોજારૂપ છીયે એવુ કહીને તેઓએ મને પોતાનો ફરીથી પરણવાના વિ- ચારથી મને વાકેફ કરી મે કહયુ મારી મોહોટી બેહેનો, મારી સાથે રહેવાથી તમારો ખરચથી મને બોજાકારક થઇ પડો છો, એવા ઇરાદાથી જો તમે પરણવાને ઇચ્છતા હોય તો, હુ તમને વિનતિપુર્વક કહુ છુ કે તમે તે સબધી વિચાર લાવ્યા વગર અહિયા ખુશીથી રહો કારણકે આપણી પોશ આપણી પ-

સ્થિતિમા રહેવાને પૂરતી છે વળી હુ આગળ બોલી કે મને લાગ છે કે તમે તમારા અતઃકરણથી ફરીથી પરણવાને ઇચ્છો છો. જો આ વાત ખરી હોય તો મારે કબુલ કરવાની જરૂર પડે છે કે હુ આવી રીતે અચબો પામુ છુ. પરણેલી સ્થિતિમા જે થોડો સતોષ અને સુખ રહેલા છે તેથી તમે અજાણ્યા નથી, મારૂ કહેલુ માન્ય રાખો કારણકે આપની સાથે રહેવુ મને અતિપ્રિય છે

જે સઘળુ મે તેમને કહ્યુ તેથી કાંઇ પણ અસર થતી જણાઇ નહી તેઓએ ફરીથી પરણવાનો પોતાના મનમા પક્કો વિચાર કરેલ હતો, તેથી તેઓએ તે વિચાર અમલમા આણ્યો આમ છતા તેઓ કેટલાક મહિના પછી મારી પાસે આવ્યા, અને મારી સિખામણ ન માનવાને વાસ્તે તેઓએ મહદ દીલગીરી બતાવી તેઓએ કહ્યુ કે જો કે તમે મારી નાની બેહેનો છો તોપણ તમારામા મારા કરતા ઘણી અક્કલ છે અને વળી કહ્યુ કે જો તમે અમને ગુનામ તરીકે તમારા ઘરમા એક વાર વધારે દાખલ કરશો તો અમે ફરીથી એવો અપરાધ કરીશુ નહિ મે કહ્યુ ' મારી પ્યારી બેહેનો, જ્યારથી તમે મને છોડીને ગયા હતા ત્યારથી મારો તમારી તરફનો પ્યાર જરા પણ ઓછો થયો નથી તમે ખુશીથી મારા ઘરમા દાખલ થાઓ, અને જે કાંઇ મારી પાસે છે તેનો સારી રીતે ઉપભોગ કરો. હુ તેઓને ભેટી પડી, અને અમે પેહેલાની પેઠે ભેગા રહેવા લાગ્યા

અમે આ પ્રમાણે એક વરસ ઘણાજ સલાહ સપથી ગુજારયુ ઇશ્વરે કૃપા કરી મારા પૈસાની નાની રકમની અદર વધારો કરયો હતો, એનો વિચાર મને આવવાથી, મે સફર કરવાનો અને મારી મિલકતનો કેટલોક ભાગ વેપારની અદર કામે લગાડવાનો મે નિશ્ચય કરયો. આવા વિચારથી મારી બે

બેહેન સહિત હું બાલસોરા ગઈ, અને એક વહાણ ખરીદ કરયું, અને તેની અંદર મેં બગદાદથી લાવેલો સામન ભરયો, સુંદર પવનની લેહેરની તક લઈ અમારૂં વહાણ હંકરાવામાં આવ્યું, અને અમે તરતજ ઇરાનિ અખાતમાં જઇ પોહોંચ્યા જ્યારે અમે ભરદરિયે આવી પોહોંચ્યા ત્યારે અમે હિંદુસ્થાન તરફ બારોબાર જવાને અમારૂં વહાણ હંકરાવ્યું, અને વીસ દહાડે અમારી નજરે જમીન પડી પ્રથમ અમારી નજરે એક મોહોટો પર્વત દેખાયો, અને પછી તે પર્વતને તળિયે આવેલું એક સુંદર અને મોહોટું શહેર અમારી નજરે પડયું પવન સુંદર વાતો હતો તેથી અમે તરતજ તે બંદર આગળ જઇ પોહોંચ્યા, અને ત્યાં અમારૂં વહાણ લંગરવામાં આવ્યું.

હું એટલીબધી તો આતુર થઈ ગઇ હતી કે, મારી બેહેનો તૈયાર થઇ મારી સાથે આવે ત્યાં સુધી તેઓની રાહ મારાથી જોઇ શકાઈ નહીં, તેથી હું વહાણ પરથી ઉતરી ગઇ, અને બારોબાર શહેરના દરવાજા તરફ જતાં ત્યાં મેં ઘણા સિપાઈ પેહેરગીરોને જોયા, અને તેઓના કેટલાક નિચે બેઠા હતા પણ સઘળાનો દેખાવ એટલો તો ભયંકર હતો કે તેથી હું ભયભિત બની ગઇ અને મને જરા વાર પછી માલમ પડયું કે તેઓ ગતિ રહિત હતા, અને તેઓની આંખો સ્થિર દેખાતી હતી આથી મેં હિમત પકડી અને જ્યારે હું તેઓની કને ગઇ ત્યારે મને માલમ પડયું કે તેઓ સઘળા સ્તબ્ધ થઇ ગયા હતા હું પછી શેહેરમાં પેઠી અને કેટલીક પોળની અંદર થઇ આગળ વધતાં, પોળોની અંદર જુદી જુદી આકૃતિમાં લોકને જોયા. પણ તેઓ ગતિ રહિત હતા, અને તેઓ બધા જાણે પથ્થર થઇ ગયા હતા મેં ધુમાડીયા તરફ જોયું, અને તેની અંદરથી ધુમાડો આવતો ન માલમ પડવાથી

મે અનુમાન કર્યું કે, જેઓ ઘરની અંદર હતા, તેઓ પણ પોળની અંદર ફરનારા લોકોની જેવીજ સ્થિતિમાં હતા, અને વળી અનુમાન કર્યું કે શહેરના સઘળા રહેવાસીઓ પથ્થરમય થઈ ગયા હતા.

શહેરના વચ્ચગાળે એક ખુલી જગ્યામાં જ્યારે હું આવી પહોચી ત્યારે એક મોહોટો દરવાજો મારી નજરે પડયો તેના પર સોનેરી પતરૂ જડેલું હતુ, અને તેની બારીના બારણા ઉઘાડા હતા એક રેશમી પડદો બારીની આગળ નાખેલો હતો, અને ઘરના અંદરથી લટકતો એક દીવો મારી નજરે પડયો. કેટલાક [illegible] પછી, મારી ખાતરી થઈ કે, આ મકાન [illegible] હતો, કોઈ પણ જીવતો માણસ [illegible] પામેલી હું [illegible] કહાડવાની આ[illegible] જ્યારે મે દેવડી [illegible], કેટલાક બેની ગયેલા, અને [illegible] પથ્થરમય થઈ ગયેલા જોયા ત્યારે મારા અચરતની હદ રહી નહી.

હું એક મોહોટી [illegible] આગળ જઈ પોહોચી, અને ત્યાં કેટલાક જણ મારી નજરે પડયા તેઓમાના કેટલાક બાહાર નિકળતા અને કેટલાક અંદર પેસતા જોવાયા, એમ છતાં જ્યારથી તેઓ પથ્થરમય થઇ ગયા હતા ત્યારથી તેઓ તેજ જગ્યામાં, અને પોળની અંદર મે જેવા હતા તેવીજ સ્થિતિમાં રહેલા મે તેમને જોયા હું એક કચેરીમાંથી બીજી અને બીજીમાંથી ત્રિજીમાં ગઈ પણ તેની અંદર કોઈ પણ મારી નજરે માલમ પડયું નહી, અને તે જગ્યાની અંદર ભયંકર સુપકી પથરાઇ ગઇ હતી જે-વી હું ચોથી કચેરીમાં ગઇ, એટલે મારી સન્મુખ એક ઘણો

સુંદર મોહેલ દેખાયા તેની બારીઓ બારે સોનાના સળીયથી બંધ કરવામા આવી હતી આથી મે અનુમાન કર્યુ કે તે મહેલ રાણીનો હતો હુ તે મોહેલની અંદર ગઈ અને મોહોટા દીવાનખાનામા પોહોચી તેની અંદર મે કેટલાક કાળા પથ્થરમય ચાકરીને જોયા હુ તરતજ આગળ વધી, અને એક ઘણાજ સુંદર રીતે સણગારેલા ઓરડામા ગઈ તેની અંદર એક સુંદર સ્ત્રી મારી નજરે પડી, અને તેની પણ આકૃતિ પથ્થરમય થઈ ગઈ હતી તેણીએ એક સુંદર સોનેરી મુગટ તેણીના માથાપર પેહેરેલો હતો, અને નાની સોપારી જેવડા મોહોટા અને ગોળ મોતીની કંઠી તેણીની કોટમા પેહેરેલી મારી નજરે પડી આથી મારી ખાતરી થઇ કે તે રિત્ર રાણી હતી મે તે કંઠીના મોતીને તપાસ્યા, અને મને લાગ્યુ કે એવા સુંદર મોતી મે કોઈ દહાડો માહારા જનમારામા જોયા નહોતા

મે કેટલાક વખત સુધી, આ ઓરડાના દોલત તથા ખદબાના વખાણ કરવાનુ જારી રાખ્યુ, અને સઘળા કરતા સેતરંજી, તકિયા તેમજ ગોખે મારૂ ધ્યાન બહુજ ખેચ્યુ તેઓ સોનેરી લુગડેથી જડવામા આવ્યા હતા સોનેરી લુગડાપર સરસમા સરસ કારીગરીથી, માણસ તેમજ જનાવરના રૂપેરી ચિત્ર પાડવામા આવ્યા હતા સ્તબ્ધ થઈ ગયેલી રાણીના ઓરડામાથી હુ બીજા કેટલાક જુદી જુદી નકશીના ઓરડામા ગઈ. આખરે હુ એક મોહોટા કદના ઓરડામા આવી પહોચી. તેની અંદર ભોય તળિયાનો સપાટીથી કેટલાક પગલા ઉચુ ચડાવેલુ અને કીમતી મોહોટા પાનાથી જડેલુ એક મોહોટુ સોનેરી તખ્ત મે જોયુ. સુંદર લુગડાનુ બનાવેલુ એક સુંદર બીછાનુ તે તખ્ત પર પાથરવામા આવ્યુ હતુ, અને તેની આસપાસ કિનારેપર મોતી ટાંકેલા હતા. બિછાનાના ઉપરથી આવતા દેખાતા અજ-

હતી તે રસ્તે થઇને મે પાછા જવાનું ધાર્યું પણ તે રસ્તો શોધી કાહાડવાનું કામ સેહેલું નહોતું હું ઓરડાની અંદર આમતેમ ભટકી આખરે જે મોટા ઓરડામા બખ્ત, બિછાનું, અને તે મોટો હીરો પડયો હતો ત્યા હું આવી પોહોચી. મે ત્યા રાત્રિ ગુજારવાનો, અને મારા વહાણ તરફ બીજી સવારે વેહેલા પાછા જવાનો નિશ્ચય કરયો હું પથારી ઉપર સુતી તો-પણ આ વેરાન જગામા હું એકલી છું એવું યાદ આવવાથી મને બીક લાગવા માડી, અને મને ઉંઘ આવી નહી

આશરે મધ્યરાત્રે મે મનુષ્યના જેવો અવાજ સાંભળ્યો, કોઇ માણસ, આપણે દેવાલયમા કુરાન વાચીએ છીએ, તેવા અવાજથી કુરાન વાચતો હતો, આથી મારા દિલમા બેહદ ખુશી પેદા થઇ હું તરતજ ઉઠી, અને અજવાળાના વાસ્તે એક મસાલ લઇ, હું જે તરફથી અવાજ આવતો હતો તે તરફ એક ઓરડામાથી બીજા ઓરડામા ગઇ જે ઓરડામાથી અવાજ આવતો હતો તેના બારણા આગળ હું ઉભી રહી. મે તે મસાલ ભોયપર મુકી, અને એક નાના બાનામાથી જોતા મને માલમ પડતું કે એક માણસ, સુંદર કંઠથી બોલતો હતો. આપણા દેવસ્થાનની પેઠે તે ઓરડાની અંદર મે એક પુતળું જોયું, અને જ્યારે બંદગી કરીએ છીએ ત્યારે જે રસ્તે આપણે પ્રદક્ષણા કરવાની જરૂર છે, તે રસ્તો તે બતાવતું હતું તેની અંદર કેટલાક દિવાળગરીઓ અને બે ઝુમર લટકાવેલા હતા. ઝુમરની અંદર ધોળા મીનની બે મીનબતીઓ મુકવામા આવી હતી, અને તેઓ સઘળાની અંદર દિવા ઝગઝગાટ બળતા હતા

જ્યારે આપણે બંદગી કરીએ છીએ ત્યારે ધુંટણીએ પડવાને વાસ્તે જેવી રીતે નાની શેતરંજી પાથરીએ છીએ તેવી

વાળથી હુ ઘણો અચબો પમી આથી તે અજવાળાનુ કારણ શુ હતુ તે જાણવાની મારી આકાક્ષા થઇ તેટલા વાસ્તે હુ ઉપર ચડી, અને મારૂ માથુ ઉચુ કરી જોતા મે, એક નાના બાજઠપર, ઑસ્ટ્રિચ પક્ષિના ઇડા જેવડો મોહોટો હીરો જોયો. તે હીરો એવો તો બિનએબ હતો કે હુ તેની અદર કાંઇપણ એબ જોઇ શકી નહી અને તે એટલોબધો ઝળકતો હતો કે હુ તેની સામે દહાડે ભાગ્યેજ જોઇ શકતી

તે ઓરડાના એક બાજુએ, એક તકિયો, અને સળગતી મોટી મશાલ પડેલી હતી હુ તેનો ઉપયોગ સમજી શકી નહી તોપણ આથી મારે અનુમાન કરવાની જરૂર પડી કે, આ ઉમદા મેહેલમા કોઇપણ જીવતો માણસ રહે છે કારણ કે આ મશાલો પોતાની મેળે બળી શકે એવુ હુ ધારી શકતી નહોતી. આ ઓરડાની અદર બીજી ઘણી અજાયબ જેવી વસ્તુ જોઇ પણ જે હીરો મે જોયો હતો તેથી મારૂ ચિત્ત તેઓના પર ચોટ્યુ નહી.

સઘળા બારણા ઉઘાડા અથવા ખાલી વાસેલા હતા તેથી ફરીને હુ બીજા કેટલાક ઓરડામા ગઇ આ ઓરડા પણ મે પેહેલા જોયા હતા તેવાજ સુંદર હતા, પછીથી હુ જે ઓરડામા પેહેલ હોલત બગીચામા આવી હતી તે ઓરડામા ગઇ, અને આ બધી અજાયબ જેવી વસ્તુ જોઇને હુ એટલી બધી તો અચબો પામી ગઇ હતી કે, હુ મારી જાતને પણ ભુલી ગઇ અને મારા વહાણ તેમજ મારી બેહેનનુ કાઇ પણ સ્મરણ આવ્યુ નહી, પણ ફક્ત મારી આકાક્ષા પુરી પાડવાના મારૂ ચિત્ત રોકાયુ હતુ

એટલામા સધ્યાકાળ પડી, તેથી મારા વહાણ તરફ જવાનો મે નિશ્ચય કર્યો, અને જે રસ્તે થઇને હુ આવી

જ રીતે પાથરેલી એક નાની શેતરંજી મારી નજરે પડી તેનાપર એક કાંતિવાન પુરૂષ બેઠેલો હતો, અને પાસે પડેલા કુરાનમાંથી ઘણી સભાળથી વાચતો હતો આ દેખાવથી આશ્ચર્ય તેમજ ખુશી થએલી હુ, તે શેહેર કે જયા હરેક માણસ પથ્થરમય થઈ ગએલા દેખતા હતા, ત્યા આ માણસ શી રીતે જીવતો રહયો તે શોધી કહાડવાને પ્રયત્ન કરવા લાગી, અને આની અદર કાંઈ પણ છુપો ભેદ હતો એવી મને શકા આવવા લાગી

તે બારણુ ઉઘાડુ હતુ, અને તેથી હુ અદરપેઠી, અને તે પુતળાપાસે ઉભીરહી, અને નીચે પ્રમાણે મોહોટેથી બદગી કરવાલાગી.

"આવી આબાદ સફરને વાસ્તે હુ આ પુતળા આગળ ઇશ્વરનો આભાર માનુ છુ અને અમે અમારે દેશ પાછા સહિસલામતથી પોહોચીએ એવી ઇશ્વરની બદગી કરૂ છુ હે ઇશ્વર મારી બદગી સાભળ અને મારી અરજ બક્ષિસ કર"

તે જુવાન સખસે મારાપર તાકીને જોયુ, અને કહયુ કે તમે કોણ છો, અને તમે આ વેરાન શહેરમા શી રીતે આવી પહોચ્યા, તે કહી બતાવવાને હુ વિનતી કરૂ છુ તેના બદલામા હુ કોણ છુ, અને મારા સબધી સઘળો હેવાલ તેમજ આ શહેરના રહેનારાઓ તમે જોયા તેવી સ્થિતિમા શી રીતે આવ્યા તેનુ કારણ હુ કહીશ. આ ભયકર આફતમાથી હુ શી રીતે બચી ગયો તેથી હુ તમને પછીથી વાકેફ કરીશ.

હુ કયાથી આવી હતી, અને શા કારણથી આ સફર કરવાની મારી મરજી થઇ હતી, અને હુ વીશ દહાડાની સફર પછી સારા નસીબે આ ટાપુ આગળ શી રીતે આવી પહોચી તે પણ-મે તેને કહયુ આ કહી રહ્યા પછી મે તેને તેનુ વચન પાળવાને અરજ કરી, અને વળી મે ટીકા કરીને કહયુ કે જે જગ્યામા થઇને હુ જતી તે જગ્યામા ભયકર વેરાનતા

જોઇને હુ ઘણો અચંબો પામી હતી

તે જુવાન સખસે કહયુ કે "માગી પ્યારી બાઇ, જરા વિ-રંજ ખમો" આ કહી રહયા પછી તેણે કુરાન બંધ કર્યુ, અને તેને એક કિમતી દફતરની અંદર મુકી તેને તે પુતળાના હાથમા મુકયુ તેને તાકીને જોવાની આ તક મે લીધી, અને મને તેનો ચહેરો ઘણો રૂપાળો અને સુંદર ભાસ્યો, તેથી જો કે અત્યાર સુધી પ્યારથી તદન અજાણી હતી તોપણ હુ તેની સાથે પ્યારમા પડી તેણે મને તેની પાસે બેસાડી, અને પોતાનુ બયાન શરૂ કર્યુ તે પેહેલા જે મનોવિકાર તેણે મારી અંદર પેદા કર્યા હતા તે દેખાડી આપના ચહેરા સહિત મારાથી બોલ્યા વગર રેહેવા-યુ નહી જ્યારથી મે આ શહેરની અંદર પહેલ વહેલો પગ મુકયો ત્યારથીજ અજાએબ વસ્તુઓથી માર ધ્યાન ખેચાયુ છે, તેના ખુલાસા વાસ્તે જરા પણ ધીરજ ખમવી કોઇપણને વા-સ્તે અશક્ય છે, અને મારી આકાક્ષા ઝડપથી તૃપ્ત થશે નહી. મારા પ્યારા હુ તને સોગન ખવરાવુ છુ કે આ અચાનક બ-નાવથી તમે હજુ જીવતા રહ્યા છો અને અંદના બધા લોકો આવી અજાએબ જેવી રીતે મરી ગયા છે તેથી તમે મને વાકેફ કરો

તે જુવાન સખસે જવાબ દીધો કે ખુદાને કરેલી બંદગીથી તેતો ખુલ્લુ છે કે તમે સચ્ચા દેવના અજાણ નથી. ખુદાની મો-હોટાઇ અને સત્તનો એક ચમત્કારિક દાખલાથી હુ તમને હવે વાકેફ કરીશ. તમારે જાણવુ જોઇયે કે આ શહેર એક ઘણા બ-ળવાન રાજ્યની રાજધાની હતી અને તેનુ નામ મરા પિતા કે જે આ દેશના રાજા હતા તેના નામથી ઓળખાતુ હતુ. રાજા, તેના અમલદારો, તેમજ શહેરના બીજા રેહેવાશીઓ, અ ગ્નિ અને રાક્ષસોના અસલ રાજા નારદન કે જેણે પેહેલા, ઇ-શ્વરના સામે બંડ કર્યુ હતુ તેઓની મુર્ત્તિના, પુજક હતા જોકે

મારા માબાપ મુર્ત્તિ પુજક હતા, તોપણ સારા નશીબે નાનપણ-મા જે મારી દાઈ હતી તે સચ્ચા ધર્મની પાલનારી હતી તે કુરાનની જાણ હતી, અને તે તેને મોહોડે હતુ, અને તે બરોબર સમજાવી શકતી હતી તે વારવાર મને કહેતી હતી કે મારા લાડકા કુવર દુનિયમા ફકત એકજ ઈશ્વર છે. જે બીજા દેવને તમે માનો છો અને પુજા કરો છો, તે વાત ધ્યાનમા લો તેણીએ મને એરેબિક ભાષામા વાચતા શિખવ્યુ અને તે મને ફકત કુરાનજ વાચવા આપતી તેણીએ મને હુશિયારીથી ને અર્થ સહિત વાચતા શીખવ્યુ મારા પિતા તથા બીજા આથી અજાણ હતા આખરે તે મરી ગઈ પણ તે મરી ગઈ તે પેહેલા તેણીએ મને મુસલમાન ધર્મના દરેક તત્વનો પુરતી ખાતરી કરી આપવાને સવળી કેળવણી આપી હતી તેણીના મોત પછી જે મત અને વિચાર તેણીએ મારા મનની અંદર ઠસા વ્યા હતા, તેની અંદર હું દ્રઢ રહ્યો, ને નાસ્તિકપણું અને અગ્નિપુજાને હુ તદન ધિકારવા લાગ્યો.

આસરે ત્રણ વરસ અને કેટલાક મહિના પહેલા આખા શહેરમા એકાએક ગાજવીજની પેઠે એક મોહોટો અવાજ સંભળાયો, અને દરેક જણે તે સ્પષ્ટતાથી એકકે શબ્દ ગુમ થયા વગર સાભળ્યો તે સુચના નીચે પ્રમાણે હતી —

રહેવાસીઓ, નાસ્તિકપણું અને અગ્નિની પુજા કરવી છોડી દો, અને ફકત દયાવત ઇશ્વરની પુજા કરો

તેજ અવાજ દરેક વરસે ત્રણ વરસ સુધી સંભળાયો, પણ કોઈ સખસે તે વાત માન્ય રાખી નહી ત્રિજા સનારના છેલ્લે દહાડે સવારમા ત્રણ અને ચાર વાગ્યાના વચ્ચગાળે દરેક રહેનારી એક પળની અંદર પથ્થરમય થઈ ગયા અને દરેક જન જે આકૃતિ અને જગામા હતા તેજ આકૃતિ અને જગામ રહ્યા. મારા પિતા કે જે આ દેશના રાજા હતા તેની પણ એ-

હાલત થઇ. તે બદલાઇને કાળો પથ્થર થઇ ગયો, અને તમે તેને મેહેલના કોઇપણ ભાગમાં જોશો માર્ગ મા પણ એ પ્રમાણે બદલાઇને પથ્થર થઇ ગઇ.

ઇશ્વરે ફકત મને આ ભયકર સજા કરી નહી આ પળ પછી મે હમેશાના કરતા વધારે આતુરતાથી બદગી કરવા માંડી છે, અને મારી પ્યારી બાઇ, હુ ખાતરી પુર્વક માનુ છુ કે મારા દિલાસાને વાસ્તે ઇશ્વરે તમને અહિયા મોકલ્યા છે. તેની આટલી બધી મેહેરબાનીની વાસ્તે મારે તેનો અતિશય ઉપકાર માનવો જોઇએ, કારણ કે હુ તમારી આગળ કબુલ કરૂ છુ કે આ દુખથી હુ તદન કટાળી ગયો હતો

આ હેવાલથી તેમાં મુખ્યત્વે કરીને છેલ્લા ભાગના હેવાલથી મારો તે કુવર તરફનો પ્યાર વધ્યો મે કહ્યુ કે હવે મારી ખાતરી થાય છે કે તમને આ બેહયુકત જગ્યામાથી દોરી લઇ જવાને વાસ્તે ઇશ્વર મને આ દેશમા દોરી લાવ્યો હતો જે વહાણની અદર હુ આવી છુ તેથી આપને અનુમાન થશે કે હુ બગદાદની કોઇ તવગર છુ, અને મારા વહાણમા જે કિમતી ચીજો લાવી છુ તેના જેટલીજ કિમતી ચીજો હુ બગદાદમા મુકીને આવી છુ હુ તમને સહિસલામતથી ત્યા પાછી લઇ જવાની હિમત ધરૂ છુ, અને જ્યાસુધી ઇમાની લોકોનો શક્તિમાન ઉપરીક કે જે મોહોટા પેગબર કે જેનાથી તમે અજાણ્યા નથી, તેનો મુખ્ય પ્રતિનિધિ તમને લાયક, સઘળુ માન તમારા પર બક્ષિસ કરશે ત્યાં સુધી હુ તમારી બરદાસ લઇશ. આ પખ્યાત રાજા બગદાદમા રહે છે, અને ખાતરી પુર્વક કહુ છુ કે જેવો જ તે તમારૂ બગદાદમા આવવુ સાભળશે કે તરતજ તે તમારી પુરતી સભાળ લેશે મારૂ વહાણ આપની સેવામાં હાજર છે, અને તમારી મરજીમાં આવે તેમ તે વહાણની ગોઠવણ કરવાને

હુ તમને પરવાનગી આપુ છુ તેણે ખુનીથી મારી અરજ મીકારી, અને અમે બાકી રહેલી રાત અમારી સફર સમધિ વાતચિત કરવામા ગુજારી

જેવી સવાર થઈ કે તરતજ અમે તે મેહેલ છોડી બદર તરફ જવાને નિસર્યા, અને ત્યા મારી બેહેનો, કપતાન તેમજ મારા ગુલામો મારે વાસ્તે ઘણી ફીકર કરતા હતા મે તે કુવર ને મારી બેહેન સાથે ઓળખાણ કરાવી, અને પછી જે કારણથી હુ આગળના દહાડે રોકાઈ હતી તે કારણ મે તેમની આગળ નિવેદન કરયુ પછી મે તેઓને મારા સાહસકામ તેમજ તે કુવર ની રીતે મળ્યો હતો તથા તેનો દેખાવ અને આટલા બધા સુદર શહેર પર આવી પડેલા વેરાનતાનુ કારણ તેઓને કહી દેખાડયા

જે માલ અમે લાવ્યા હતા તે જમીનપર ઉતારવાને અને તે મહેલની અદર જડાઆવતા સોનેરી, રૂપેરી તેમજ જડાવની ઘણીજ કિમતી ચીજો અમારા વહાણમાં ભરવામા આરવાઓ કેટલાક દહાડા કામે લાગ્યા. અમે કેટલાક સામન તે કિનારા પર મુકયો. અને અમારે કેટલીક સોનેરી ચાન્ને પાછલ મુકી દેવાની જરૂર પડી કારણકે અમારા વહાણમાં તેઓને મુકવાને જગ્યા નહોતી જે સઘળુ દ્રવ્ય અમે તે શહેરમા જોયુ હતુ તે બગદાદમા લઈજવાને ઘણા વહાણની જરૂર હતી.

જે જે અમારે બગદાદ લઈજવાની ખુની હતી તેનાથી તે વહાણ ભર્યા પછી અમારૂ વહાણ હકારવામા આવ્યુ. પવન અમારી ખુશી પ્રમાણે અતિશય સુદર રીતે વાતો હતો, અને અમે અમારી સફરને પુરતો ખોરાક તથા પાણી ભરી લીધા હતા ખરેખર અમારી પાસે બગદાદથી લાવેલા ખોરાકનો ઘણો ખરો ભાગ હજુ બાકી રહયો હતો.

અમારી સફરની શરૂઆતથી, તે કુવર, મારી બેહેનો, તથા હુ દર રોજ ઘણી ગમત કરતા પણ અફસોસ, આ સલાહ સંપ અને સારો સ્વભાવ લંબા વાત સુધી ચાલ્યો નહી

તે કુવર અને મારી વચ્ચેના સ્નેહની મારી બેહેનો ઘણી અદેખી થઇ, અને બગદાદ ગયા પછી હુ તે કુવરની સાથે શી રીતે વર્તવાની હતી તે સમજી, તેઓ ખરાબ વિચારથી પડપુછ કરવા લાગ્યા. મારા વિચારથી વાકેફ થવાને, તેઓએ મને આ સવાલ પુછ્યો હતો એવુ મને ભાસવા લાગ્યુ મે તેટલા વાસ્તે જુઠો જોળ ચાલ્યો, અને મશ્કરીમા કહ્યુ કે હુ તેની સાથે પરણવાને ઇચ્છુછુ પછી હુ તે કુવર તરફ ફરીને બોલી "મારા સાહેબ આપ મારી દરખાસ્ત કબુલ કરજો એવી મારી આશા છે બગદાદ પોહોચ્યા પછી મારો વિચાર આપણી સાથે એક ગરીબ ગુલામ તરીકે પરણાવવાનો તેમજ દરેક રીતે તમને મારા કુલ અખ્તિયાર કરવાને ઇચ્છુછુ"

તે કુવરે જવાબ દીધો કે 'બહુ સાહેબ" તમે જે કહો છો તે ખરેખરૂ છે અથવા તમે મશ્કરીમા બોલો છો તે જો કે હુ જાણતો નથી તોપણ, આ પછીથી, તમારી બેહેનો આગળ, તમારી અરજ હુ ઘણી ખુશીથી સ્વીકારૂ છુ. આ વચન સાભળતાં જ મારી બેહેનોનો ચેહેરો ફિક્કો પડી ગયો અને આ પછીથી તેઓનો મારી તરફનો પ્યાર ઓછો થતો મને ભાસવા લાગ્યો. અમે ઇરાનિ અખાતમા જઇ પોહોચ્યા, અને બાલસેરાની લગભગ આવી પોહોચ્યા, અને ત્યા જો પવન જોરથી વાવાનો ચાલુ રહેત તો અમે બીજે દહાડે બાલસેરા પોહોચવાની આશા રાખતા હતા

પણ રાત્રે જ્યારે હુ બીછાનામાં ઉંઘતી હતી ત્યારે તેઓએ મને ઉચકી દરિયામા ફેંકી દીધી તેઓએ કુવરને પણ દરિયામાં ફેંકી દીધો, અને તે કમનસીબે દરિયામા ડુબાઇ ગયો. કેટલાક

વખત સુધી હુ પાણીની સપાટીપર તરી, અને સારા નસીબે આખરે એકાએક હુ છીછરા પાણીમા આવી હુ આગળ વધી, અને મારી નજરે કાંઇ કાળુ દેખાયુ, અને તે જમીન છે એવુ મે અનુમાન કરયુ હુ સારા નસીબે કિનારે જઇ પોહોચી અને જ્યારે સુયનારાયણના દર્શન થયા ત્યારે મને માલમ પડયુ કે હુ એક વેરાન ટાપુમા આવી પેહોચી હતી, અને તે ટાપુ બાનસોરાથી ફકત ત્રીસ ગાઉને છેટે હતો મે તરતજ મારા લુગડાને તડકામા મુકી નાખ્યા, અને આમ તેમ ફરતા મને જુદીજુદી જાતના ફળ અને શ્રેષ્ઠ પાણીનો એક ઝરો જડી આવ્યો આથી મારી જીદગી બચાવવાની આશા મારામા પાછી આવી.

પછી હુ છાયડામા જઇ સુતી, અને ત્યા આગળથી મે એક મોહોટો અને પાખોવાળો લાંબો સાપ જોયો. તે મારી તરફ આગળ વધી આવતો હતો, અને તે એક વખત પોતાની એક બાજુએ અને બીજી વખતે બીજી બાજુપર ચાલતો હતો, અને તેની જીભ તેના મોમાથી લટકતી હતી આથી તેને કાંઇ દુખ થયુ હશે એવુ મે અનુમાન કર્યુ હુ તરતજ ઉભી થઇ અને મને માલમ પડયુ કે તેનાથી પણ મોહોટો સાપ તેની પછવાડે પડયો હતે, અને તે નાના સાપને કાઢી ખાવાને પ્રયત્ન કરતો હતો આથી મને દયા આવી, અને નાસી જવાને બદલે મે હિમત ધરી, ને એક મોહોટો પથ્થર લીધો, અને તે મોહોટા સાપને મારયો આથી તેના ટુકડે ટુકડા થઇ ગયા બીજો સાપ આ પ્રમાણે દુખમાથી છુટો થવાથી તરતજ પોતાની પાખો ફેલાવી અને ઉડી ગયો મે કેટલાક વખત સુધી આ અજાયબ જેવા પ્રાણિપર જોયા કરયુ, પણ તે આખરે મારી નજર પોહોચે તેનાથી પણ એ વધારે દુર જતુ રહયુ. હુ આ ટે છાયડામા બીજી જગ્યા જઇને સુતી અને ઉંઘી ગઇ

જ્યારે હુ ઉઠી ત્યારે મે સુદર અને હસમુખા ચહેરાવા-

ળી એક કાળી બાયડી એક સાકળીએ બાધેલી એકુજ રંગની બે કુતરીઓ સહિત મારી કને ઉભી રહેલી જોઇને હુ ઘણો અચંબો પામી હુ તરતજ ઉઠી અને તે કોણ હતી તે પુછ્યુ. તેણીએ જવાબ દીધો કે જે સાપને તમે તેના ઘણાજ ઘાતકી શત્રુને મારી બચાવ્યો હતો તે હુ છુ જે અગત્યની નોકરી તમે મારે વાસ્તે બજાવી છે, તેના બદલામા જે નોકરી મે તમારે વાસ્તે બજાવી છે તેના કરતા હુ વધારે બજાવી શકુ એવુ હુ ધારતી નથી તમારી બે બેહેનોની દગાબાજીથી હુ વાકેફ હતી, અને જેવોજ તમારી મદદથી છુટકારો થયો કે તરતજ મે મારા કેટલાક સાથીને ભેગા કર્યા અમે જાતની પરી છીયે અમે તરતજ બગદાદમા તમારી વખારમા તમારો સઘળો માલ વહાણમાથી ઉતારી લઇ ગયા છીયે, અને પછી અમે તે વહાણને ડુબાવી દીધુ છે આ કાળી કુતરીઓ તમારી બેહેનો છે મે તેમને કુતરીઓ બનાવી દીધી છે પણ તેમને આ સજા પુરતી નથી, અને તમને જેરીતે તમારે તેની સાથે વરતવાનુ છે તે રીતથી હુ વાકેફ કરીશ.

આ કહ્યા પછી તે પરીએ પોતાના હાથમા બે કુતરીઓ અને મને પકડી લીધી, અને અમને બગદાદમા લઇગઇ ત્યા મે મારો સઘળો વહાણનો સામાન તેમજ દ્રવ્ય મારી વખારમા ગોઠવેલો જોયો.

તે પરી મને છોડીને ગઇ તે પહેલા તેણીએ મને બે કુતરીઓ આપી અને નીચે પ્રમાણે બોલી કે હુ તને તે ઇશ્વર કે જે દરિયાને પણ ઉથલ પાથલ કરવાને શક્તિવાન છે તેના સોગન ખવરાવીને કહુ છુ કે તારે દરરોજ તારી દરેક બેનને દરેક રાત્રે ૧૦૦ કોરડા મારવાનો હુકમ કરૂ છુ, અને જો તુ તેમ નહી કરે તો તારી પણ તેજ સ્થિતિ થશે મારા તેમજ તે કુવર તરફ કરેલા તેઓના અપરાધની સજા વાસ્તે મારે તેણીના વચનની કબુલાત આપવાની જરૂર પડી.

તે પળ પછી દરેક સંધ્યાકાળે મારે મારી ખુશીની ઉપરાંત આ પ્રમાણે તેઓની સાથે વર્તવાની જરૂર પડે છે. આ ઘાતકી ફરજ અમે કેટલીક દીલગીરીથી અમલમા આણિયે છિયે તે તેમને બતાવી આપવાને અમે તેઓને સો કોરડા માર્યા પછી રડિયે છિયે